## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



હે માડી તુ આ પોલીસ વાળાને પરચો બતાવજે... હુ અને મારો ફ્રેન્ડ આખી રાત ભક્તિ કરવાના મનસુબા સાથે આવ્યા છીએ... આ નથી ભક્તિ કરવા દતો...!!!

# શહેરમાં ટ્રાફિક સમસ્યાઓમાં ધરખમ વધારો

## માર્ગો પહોળા બનતા વાહનોની સ્પીડ વધી : વાહનચાલકો ઓવર સ્પીડમાં વાહનો ડ્રાઈવ કરી રહ્યા છે : શહેરમાં અકસ્માતોની સંખ્યામાં પણ વધારો થયો છે

ગાંધીનગર, તા. ૦૧

ગાંધીનગર શહેરમાં છેલ્લા એક દાયકામાં વાહનોની સંખ્યામાં ૨૦ ટકાથી પણ વધુ વધારો થયો છે. શહેરમાં ફોર વ્હીલર અને ટુ-વ્હીલટરોની સંખ્યા વધી જવા પામી છે. જેથી શહેરમાં ટ્રાફિક સમસ્યાઓ વધી રહી છે. જે અંગે કોઈ સુવ્યવસ્થા કરાઈ રહી નથી.

ગાંધીનગર શહેરની રચના કરાઈ ત્યારે વાહનોની જે કલ્પના કરી હતી એના કરતા વધુ વાહનો નોંધાયા છે. ગાંધીનગર શહેરને ઉત્તર-ગુજરાત અને મધ્ય ગુજરાતનો ટ્રાન્ઝિટ પોઈન્ટ ગણાય છે. અમદાવાદમાં ટ્રાફિક જામની સમસ્યાઓ દૃશ્યમાન થાય છે તેવો ટ્રાફિક આપણા પાટનગરમાં જોવા મળી રહ્યો છે. જેમાં હાલમાં નવરાત્રીના દિવસોમાં તો સાંજ પડતા જ માર્ગો પર ચક્કાજામ થઈ જાય છે.



પાટનગરમાં નવરાત્રીનું આકર્ષણ અનેરૂ હોય છે. ત્યારે ગાંધીનગર શહેરમાં ગાંધીનગર શહેરથી સોલા વિદ્યાપીઠના વિસ્તારમાં સૌથી સારા ગરબા ગાંધીનગરમાં થતા આવ્યા છે. તેના કારણે ગરબાના આયોજકો વિશાળ ગ્રાઉન્ડ તૈયાર કરે છે. પરંતુ ટ્રાફિકની સમસ્યા વધી છે. શહેરમાં નાગરિકોને ટ્રાફિક પ્રત્યે અવેરનેસ ન હોવાના કારણે માર્ગો પર ચક્કાજમ થાય છે. માર્ગો પર ટ્રાફિક સિગ્નલો પણ મનફાવે તેમ ખોરવાઈ જાય છે. જેમાં વાહનચાલકોને ટ્રાફિક સમસ્યામાંથી પસાર થવાનો વારો આવ્યો છે. શહેરમાં ટ્રાફિક અવેરનેસ અંગે કોઈ કાર્ય થઈ રહ્યા નથી.

ટ્રાફિક અવેરનેસ માટે શહેરમાં ટ્રાપિક પાર્ક બનાવવાની વિચારણા કરવામાં આવી હતી. જેમાં વાહનો કેવી રીતે ચલાવવાથી લઈ તમામ રચના માત્ર ફાઈલોમાં જ ધરબાઈ ગઈ છે. સાયકલ ટ્રેક બનાવવાની વિચારણા પણ ખોરંભે મુકાઈ ગઈ. શહેરમાં સરકારી વડી કચેરીઓ, સરકારી કચેરી, જિલ્લા હેડ ક્વાર્ટરના કારણે ટ્રાફિક સમસ્યાઓ ગંભીર બની છે. સૌના આશ્ચર્ય વચ્ચે કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર દ્વારા ટ્રાફિક નિયમન ભંગ માટેના દરરોજના ૧૨૦૦ જેટલા મેમો આપવામાં આવે છે. ગાંધીનગર સહિત આઠ મહાનગરમાં હાઈકોર્ટે ફટકાર લગાવી હતી. આ સંદર્ભે તેમ છતાં કોઈ પોલીસી કરવામાં આવી નથી. ગાંધીનગરમાં ટ્રાફિક નિયમન માટે હવે વિચારવાની જરૂર છે. માર્ગો પહોળા થયા છે જેના કારણે વાહનોની સ્પીડ વધી છે અને માર્ગો પર અકસ્માતો વધી રહ્યા છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં હીટવેવ આજે પણ યથાવત રહેતા નગરજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.
- દહેગામ નગરપાલિકાના સેવાસેતુ કાર્યક્રમમાં કર્મચારીઓએ કાળી પટ્ટી પહેરી સેવાઓ આપી હતી.
- ગાંધીનગરના કૈલાસધામ ખાતે આજે રાજ્યના સંયુક્ત ચૂંટણી અધિકારીએ એ.બી. પટેલે આજે ૮૦ વર્ષથી વધુ વયના વૃદ્ધ મતદારોનું સન્માન કર્યુ હતું.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં છેલ્લા ત્રણેક દિવસથી છવાયેલો રાજકીય સન્નાટો સૌની ચર્ચાનો મુદ્દો બન્યો છે.
- ગાંધીનગર જિલ્લામાં ૧૬૮ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.
- કર્મયોગીભવનમાં મહિલા કર્મચારીઓએ આજે ગરબા યોજ્યા હતા.
- મહામહિમ રાષ્ટ્રપતિની ગાંધીનગરની સૂચિત મુલાકાતને લઈ આજે સાંજે અધિકારીઓની તૈયારીઓની સમીક્ષા માટે બેઠક યોજાઈ હતી.
- ધીરૂબેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર દ્વારા ધો. ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે ગુજરાત વિશ્વ કોશ ટ્રસ્ટ ખાતે આયોજન કરાયુ છે.
- ઝુંડાલમાંથી માટી ચોરીનું કૌભાંડ પકડાવા પામ્યુ છે. પોલીસે આ અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.
- ગાંધીનગર શહેરમાં નવરાત્રીનો માહોલ એવો છવાયો છે કે બપોર પછી ઓફિસમાં કર્મયોગીઓ હોતા નથી.
- ગાંધીનગર જિલ્લામાં નાયબ કલેક્ટર સ્ટેમ્પ ડ્યુટી તરીકે નિયુક્ત થયેલા કલ્પેશભાઈ દેસાઈએ તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.
- ગાંધીનગર જિલ્લામાં ગ્રામીણ વિસ્તારોમાં પણ નવરાત્રીને લઈ ગરબાઓની રમઝટ જામી છે.

## શહેર-જિલ્લા કોંગ્રેસમાં કનુભાઇ દેસાઇની ફરી મંત્રી પદે વરણી



ગાંધીનગર તા. ૦૧

ગાંધીનગર શહેર રબારી સમાજના યુવા આગેવાન કનુભાઈ દેસાઈ(મેઠા)ની ફરી એકવાર ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસમાં પ્રમુખ શૈલેન્દ્રસિંહ બિહોલાની આગેવાની હેઠળ રચવામાં આવેલાં સંગઠનમાં મંત્રી તરીકે નિમણુંક કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે કનુભાઈ દેસાઈ ગાંધીનગર શહેર કોંગ્રેસના પાયાના કાર્યકર હોવા સાથે માલધારી સંગઠનમાં પણ કાર્યરત છે. તેઓ પર્યાવરણ પ્રેમી સ્વયંસેવક હોવા સાથે ગાંધીનગર શહેરની ઘણી સેવાભાવી સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. કનુભાઈ દેસાઈની નિમણુંકથી ગાંધીનગર શહેર કોંગ્રેસના કાર્યકરો, યુવાઓ અને રબારી સમાજમાં ખુબ જ હર્ષની લાગણી પ્રવર્તી રહી છે અને માલધારી સમાજે આ નિમણૂંકને આવકારી હતી.

## હાઇસ્કૂલમાં નવરાત્રી મહોત્સવ યોજાયો



ચિલોડા,તા.૦૧

આજરોજ ગાંધીનગર જિલ્લા સ્થિત મગોડી પી. આર. ઠક્કર વિદ્યાવિહારમાં નવરાત્રી મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું .શાળાના તમામ વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફમિત્રો ભાતીગળ ડ્રેસમાં તૈયાર થઈને આવ્યા હતા અને નવરાત્રીના ગરબાનો આનંદ માણ્યો હતો.વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે શાળાના સ્ટાફ મિત્રો દ્વારા સુંદર ટ્રેડીશનલ ડ્રેસમાં આવેલ વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## શહેરના સેકટર-૧૭ જ ટાઈપના મકાનમાં રૂ.૪૫ હજારની ચોરી

ગાંધીનગર, તા.૧

શહેરના સેકટર-૧૭ ખાતે જ ટાઈપ મકાનમાં તાળુ તોડી અંદર પ્રવેશી તસ્કરોએ રૂ.૪૫ હજાર મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા છે. મા-દિકરી સાંજે સેકટર-૨૧ માં ખરીદી કરવા માટે ગયા હતા, તે સમયે તસ્કરોએ તરખાટ મચાવ્યો હતો. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ગાંધીનગરના સેકટર-૧૭ બ્લોક નં.૯૮-૫ જ ટાઈપ ખાતે રહેતા જશોદાબેન કાંતિભાઈ વણકર પરિવાર સાથે રહે છે. ગત તા.૨૯ ના રોજ બપોરના ૪ વાગ્યાના અરસામાં સેકટર-૨૧ શાકમાર્કેટ ખરીદી કરવા જવાનું હતું. તે સમયે ઘરના તાળાની ચાવી મળતી ન હતી. જેથી નીચે મકાનમાં રહેતા કમળાબેનના ઘરે થી તાળુ લાવી જશોદાબેન અને તેમની દિકરી મીના ભાણીયાને લઈ ખરીદી માટે ગયા હતા.

જયારે ખરીદી કર્યા બાદ સાંજના સાડા છ વાગે પરત આવીને મીના ઘરે ગઈ હતી.તે સમયે જોયુ તો ઘરનુ તાળુ ખુલ્લી હાલતમાં જોતા તેણે બુમ પાડીને કહ્યું હતું કે આપણા ઘરનું તાળુ ખુલ્લુ છે.

જેથી જશોદાબેન અને તેમની દિકરી અંદર ઘરમાં ગયા હતા. તેઓએ ઘરમાં તપાસ કરતા ટીવી ખોલવાનો પણ પ્રયત્ન ચોર શખ્સોએ કર્યો હતો.જયારે ઘરના કબાટમાં રહેલા સોનાની એક વીંટી અને એક વેઢ દેખાયો ન હતો. વીટી અને વેઢ મળી અંદાજે ૮ ગ્રામ વજનની કિં.રૂ.૪૫ હજારની ચોરી થવા પામી છે.

ઘરનુ તાળુ તોડી અંદર પ્રવેશી કોઈ ચોર શખ્સ રૂ.૪૫ હજારની ચોરી કરી લઈ જતા સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

## સિવિલમાં રાષ્ટ્રપતિના આગમનને લઈ તડામાર તૈયારીઓ




ગાંધીનગર, તા.૧

પાટનગરમાં સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલનું ખાત મુહુર્ત ભારતના રાષ્ટ્રપતિના હસ્તે થવાનું છે. ત્યારે સિવિલ કેમ્પસમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ગાંધીનગર સિવિલને ચોખ્ખી ચણક કરી દેવામાં આવી છે. હાલ સિવિલ કેમ્પસમાં રંગરોગાન, વૃક્ષોને ટ્રીમીંગ તેમજ જાળીઓને કલરકામ પણ કરી દેવામાં આવ્યું છે.ત્યારે બીજીતરફ તાત્કાલીકવિભાગની બાજુમાં ખાતમુહુર્ત માટે ખાસ ડોમ પણ તૈયાર થઈ રહ્યો છે. જયારે સિવિલ કેમ્પસમાં તમામ સાઈન બોર્ડ નવા નંખાઈ ગયા છે.જયારે હોસ્પિટલ કેમ્પસમાં કામમાં કોઈ કચાશ રહી ન જાય તે ખાસ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. ડોકટરોની મેડીકલ ટીમો પણ તૈયાર કરી દેવામાં આવી છે.જયારે જિલ્લા વહીવટી તંત્ર પણ ખડેપગે વિવિધ કામગીરી કરી રહ્યું છે. તો બીજીતરફ સિવિલ કેમ્પસમાં લોખંડી પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવશે.

## અમદાવાદ ઓટો કન્સલટન્ટના વેપારી પાસેથી બલેનો કાર લઈ ઠગ ફરાર

ગાંધીનગર, તા.૧

અમદાવાદ ખાતે ઓટો કન્સલટન્ટનો વેપાર કરતા વેપારી બલેનો કાર રૂ.૫ લાખમાં ઓએલએકસ ની વેબસાઈટ પર વેચાણ માટે મુકી હતી. જેથી માસ્ટર માઈન્ડ શખ્સે વોટસએપથી સંપર્ક કરી વેપારીને વિશ્વાસમાં લઈ ઝુંડાલ રોડ પર સફલ કાર-લે વેચ પાસે વેપારીને ઉતારી ભેજાબાજ ઠગ રૂ.૫ લાખની કાર લઈ ફરાર થઈ ગયો છે. બનાવ અંગે અજાણ્યા શખ્સ સામે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ સૈજપુર બોઘા ખાતે રહેતા હરેશભાઈ ઠાકરસીભાઈ તલરેજા કાર લે-વેચનો વેપાર કરે છે. હરેશભાઈના ભત્રીજા જયેશે બલેનો ગાડી નં જી.જે.૦૧.આર.એકસ.-૩૩૮૨ પાંચ લાખમાં વેચાણ માટે આપી હતી. જેથી હરેશભાઈ એ ઓએલએકસ એપ પર જાહેરાત મુકી હતી. જેમાં તેમનો નંબર પણ લખેલો હતો. જેથી બીજા દિવસે એક અજાણ્યા શખ્સે વોટસએપ કોલ કરીને ગાડી ખરીદવાની વાત કરી હતી.ત્યારબાદ નક્કી થયા પ્રમાણે સાબરમતિ રામનગર જયેશની કરિયાણાની દુકાને બેઠક કરી હતી. તે સમયે અજાણ્યા શખ્સે આંગડીયામાં રૂ.૫ લાખ મોકલી આપવાની વાત કરી હતી. જેથી હરેશભાઈને વિશ્વાસ આવ્યો ન હતો.ત્યારબાદ ગત તા.૨૯ ના રોજ સપ્ટેમ્બરના રોજ ફરીવાર અજાણ્યા શખ્સે વોટસએપ કોલ કરીને ગાડી ખરીદવા પાર્ટી તૈયાર છે.કાગળો લઈ સાથે આવવા કહ્યું હતું. જેથી હરેશભાઈ સાબરમતિ થી તેની સાથે ગાડીમાં બેસી ગયા હતા. તે સમયે બલેનો કાર શખ્સ ચલાવતો હતો. ઝુંડાલ માર્ગ પર સફલ કાર લે-વેચની દુકાનના દરવાજા આગળ ગાડી ઉભી રાખી દીધી હતી. જયાં હરેશભાઈના ગાડીના કાગળો લઈને નીચે ઉતરી રહ્યા હતા. ત્યારે અજાણ્યા ઈસમે કાગળો પાર્ટીને બતાવતા પડશે. કાગળો ગાડીમાં રાખવા માટે કહ્યુ હતું. હરેશભાઈ જેવા ગાડીમાંથી નીચે ઉતર્યા કે અજાણ્યો શખ્સ ફુલ સ્પીડમાં ગાડી લઈને નાસી ગયો હતો. તે ઠગે મેસેજ કરીને ડીલ નક્કી થઈ નથી તેમ જણાવી સાંજે ઝુંડાલ આવુ છુ તેમ પણ જણાવ્યું હતું. જો કે કેટલાક ફોન કરવા છતા ઠગ ગાડી લઈને પાછો નહી આવતા આખરે હરેશભાઈએ અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

## એપોલો ઈન્ટરનેશનલ સ્કૂલમાં રાસ ગરબા મહોત્સવનું આયોજન

ગાંધીનગર તા. ૧

એપોલો ઈન્ટરનેશનલ સ્કૂલ કુડાસણ, ગાંધીનગર ખાતે 'રાસ ગરબા મહોત્સવ-૨૦૨૨'નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ રાસ ગરબામાં સ્કૂલના વિદ્યાર્થીઓ અને શિક્ષકો સંગીતના સથવારે ગરબા રમ્યા હતાં. આ રાસ ગરબા મહોત્સવમાં પ્રિન્સ-પ્રિન્સેસ તથા શિક્ષકો માટેની પણ હરીફાઈ ગોઠવવામાં આવી હતી. હરીફાઈમાં વિજેતા બનેલા તેઓને ઈનામ આપવામાં આવ્યુંહતું. રાસ ગરબા મહોત્સવ આનંદ અને ઉલ્લાસપૂર્વકમાં શક્તિ અને ભક્તિના તહેવારની ઉજવણી સફળતાપૂર્વક કરવામાં આવી હતી.

## જે.એમ. ચૌધરી વિદ્યાલયમાં ગાંધી જયંતિની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૧

૧-૧૦-૨૨ શનિવારના રોજ ગાંધીજીની ૧૫૩મી જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધોરણ-૮નાં વિદ્યાર્થીઓએ વકૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ચૌધરી ઉષાબેને ગાંધીજી વિશે વક્તવ્ય આપ્યુ હતુ. તથા ચૌધરી ક્રિષ્ણાબેને ગાંધીજીનું પ્રિય ભજન 'વૈષ્ણવજન તો તેને કહીએ' ગાયું હતું. શાળાના આચાર્યબેન અંજનાબેન ચૌધરીએ બાળકોને ગાંધીજીનાં જીવન વિશેની રસપ્રદ માહિતી આપી હતી અને તેમણે આપેલા માર્ગ પર ચાલવા બાળકોને પ્રેરણા આપી હતી.

## ઉમ્મીદ ફાઉન્ડેશન દ્વારા યુવાઓમાં હાલ વધી રહેલ ડ્રગ્સના વ્યસન વિરૂદ્ધ 'પ્રોજેક્ટ નચિકેતા'નું ઉદ્‌ઘાટન થયુ

ગાંધીનગર, તા. ૧

ઉમ્મીદ ફાઉન્ડેશન અને જિલ્લા કાનૂની સેવા મંડળ, ગાંધીનગર દ્વારા મહાત્મા ગાંધી વિદ્યાવિહાર, સેક્ટર-૧૬ ખાતે યુવાઓમાં હાલ વધી રહેલ ડ્રગ્સના વ્યસન વિરૂદ્ધ "પ્રોજેક્ટ નચિકેતા" અંતર્ગત યુથ અગેઈન્સ્ટ ડ્રગ્સ બાબતે શપથ લેવડાવવામાં આવ્યા હતા. તેમજ બાળ ગુનાઓની માહિતી પોક્સો એક્ટ અંગેની જાણકારી આપવામાં આવી હતી. સાથોસાથ 'યુવા અને ખેલ મંત્રાલય, ભારત સરકાર' દ્વારા આજથી શરૂ થનાર "સ્વચ્છતા અભિયાન-૨.૦"ની બાબતે સ્વચ્છતા શપથ લેવડાવવામાં આવ્યા અને તે અંગેનું પોસ્ટર વિમોચન કરવામાં આવ્યું હતું.

## શિવાલીક ડેવલપર્સના ભાગીદારોએ આરટીઆઈ એક્ટીવીસ્ટને ધમકી આપતા ફરીયાદ

**વાવોલમાં ગેરકાયદેસર બાંધકામ તોડવા મુદ્દે મનપાની નોટીસ મળી છે.**

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના વાવોલ ખાતે રહેતા આરટીઆઈ એકટીવીસ્ટ તુષાર પરમારે વાવોલ ખાતે શિવાલીક ડેવલપર્સના ભાગીદારો દ્વારા સરકારી જમીન પર પ્લોટીંગ કરવામાં આવતા ગેરકાયદેસર બાંધકામ સબબ કલેકટરને લેન્ડગ્રેબીંગ અન્વયે કાર્યવાહી કરવા અરજી કરવામાં આવી હતી. ત્યારબાદ મહાનગર પાલિકામાં પણ અરજી કરી હતી. જેને પગલે તંત્ર દ્વારા ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવા માટે નોટીસ ઈશ્યુ કરવામાં આવી હતી. જેથી શિવાલીક ડેવલપર્સના ત્રણ ભાગીદારોએ આરટીઆઈ એકટીવીસ્ટને ફરીયાદ પાછી ખેચી લેવા માટે જાનથી મારી નાંખવાની ધમકી આપતા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વાવોલ સંપદ રો હાઉસ તુષાર પરમાર પરિવાર સાથે રહે છે અને ટ્રાવેલ્સનો ધંધો કરે છે. તુષારે નોંધાવેલી ફરીયાદ મુજબ શિવાલીક ડેવલપર્સના ભાગીદારો એ ભેગા મળી સરકારી જમીન પર પ્લોટીંગ કરી સરકારી જમીન બારોબાર વેચી મારવા મુદ્દે કલેકટરને લેન્ડગ્રેબીંગ એકટ હેઠળ અરજી આપી હતી. ગાંધીનગર મહાનગર પાલિકામાં પણ બાંધકામ તોડી પાડવા માટે અરજી કરી હતી. જેથી મનપાના કમિશનર દ્વારા ડેવલપર્સને બાંધકામ તોડી પાડવા માટે નોટીસ આપવામાં આવી હતી. જે અન્વયે તા.૨૯ સપ્ટેમ્બરના રોજ રાત્રીના આશરે નવ વાગ્યાના અરસામાં વાવોલ ગામની પ્રાથમિક શાળા પાસેથી પસાર થતા તુષાર તેમજ તેના મિત્ર કેતન બામણીયા ને તે સમયે ભાગીદારોએ ઉભા રાખી ધમકીઓ આપી હતી. ત્યારબાદ અન્ય વ્યક્તિઓ દ્વારા પણ વારાફરતી ફોન કરી અપશબ્દો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપતા તુષાર પરમારે શિવાલીક ડેવલપર્સના ભાગીદારો સામે ફરીયાદ નોંધાવી છે.

